**Parimal Nathwani**
Member of Parliament
(Rajya Sabha)

**Member:**
Standing Committee on Personnel, Public Grievances, Law & Justice
Consultative Committee, Ministry of Commerce and Industry
**Permanent Special Invitee:**
Consultative Committee, Ministry of External Affairs

सत्यमेव जयते

165, South Avenue,
New Delhi - 110 011
Ph.: 011-23794010
e-mail : parimal.nathwani@sansad.nic.in

' Vraj ', Opp. HDFC Bank,
Beside Chandanbala Tower,
Nr. Suvidha Shopping Centre,
Paldi, Ahmedabad - 380 007

**<u>અખબારી યાદી</u>**

# રાજ્યમાં મીઠા ઉત્પાદનમાં ૩૨ હજાર મહિલાઓ સહિત કુલ ૮૨ હજાર શ્રમિકો

**૨૬ ઓગસ્ટ ૨૦૧૦ :** દેશમાં મીઠાના ઉત્પાદનમાં કાર્યરત શ્રમિકોની સંખ્યા અંદાજીત એક લાખ ઓગણત્રીસ હજાર છે જેમાંના ૮૨ હજાર શ્રમિકો તો માત્ર ગુજરાતમાં જ છે. ગુજરાતના મીઠા ઉત્પાદનમાં સંકળાયેલા કુલ શ્રમિકોની આ સંખ્યામાં ૩૨ હજાર મહિલાઓ છે. કેન્દ્રના શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રી શ્રી હરીશ રાવતે રાજ્ય સભામાં સાંસદ શ્રી પરિમલભાઈ નથવાણીએ પૂછેલા પ્રશ્નના જવાબમાં આ પ્રમાણે જણાવ્યું હતું.

સાંસદ શ્રી પરિમલભાઈ નથવાણીએ દેશમાં તથા ગુજરાતમાં મીઠા ઉત્પાદન ક્ષેત્રે સંકળાયેલા અગરિયાઓની સંખ્યા ઉપરાંત સરકાર દ્વારા તેમની સામાજીક સલામતી, આવાસ-વ્યવસ્થા, સ્વાસ્થ્ય-સુરક્ષા અને તેમના બાળકોનાં શિક્ષણ અંગે કરાયેલા ઉપાયો વિષે પૂછ્યું હતું. પ્રત્યુત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે સરકારશ્રીએ નમક વિભાગ દ્વારા આ ક્ષેત્રના શ્રમિકો માટે પાણી પુરવઠા યોજના, શ્રમિક વિશ્રાંતી શેડ, શિશુ સદન, નેત્ર શિબિરો સહીત સામાન્ય આરોગ્ય શિબિરો, સામુદાયિક કેન્દ્રો તથા તેમના બાળકોને પુરસ્કાર આપવા જેવી બાબતોમાં નાણાંકીય સહાય પૂરી પાડવા માટેના સિદ્ધાંતોની એક સંહિતા બનાવી લીધી છે.

★ ★ ★